# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૦/૧૧/૨૦૧૭ થી તા.૨૬/૧૧/૨૦૧૭

## પ્રેસનોટ- ૧

**સચાણા રેલ્વે ફાટક પાસેથી રૂ.૧,૮૦,૭૫૦/- વિદેશી દારૂના જથ્થા સાથે અર્ટીગા ગાડી સાથે એક આરોપીને ઝડપી પાડતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય**

આગામી વિધાનસભાની ચુંટણી અન્વયે જીલ્લામાં ચુંટણી શાંતીપુર્ણ અને નિષ્પક્ષ રીતે યોજાય તે સબંધે જીલ્લામાં દેશી તથા વિદેશી દારૂની પ્રવૃતી નેસ્ત નાબુદ થાય તે અંગે કડક હાથે કામગીરી કરવા અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના  પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ એસ.ઓ.જી. શાખાના પો.ઇન્સ. શ્રી ડી.ડી.સોઢા તથા પો.સ.ઇ. શ્રી વી.એમ.કોલાદરા તથા એન.એ.રાયમા નાઓને સુચના તથા માર્ગદર્શન આપેલ જે આધારે એસ.ઓ.જી. શાખાના પો.સ.ઇ. એન.એ.રાયમા તથા પોલીસ કર્મચારીઓ વિરમગામ રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે, એક મારૂતી સુઝુકી કંપનીની અરટીગા ગાડી નંબર જી.જે.૧૮ એ.બી. ૮૭૯૧ માં પરપ્રાંતની બનાવટનો ઇંગલીશદારૂ ભરી કલ્યાણપુરા રોડથી સચાણા તરફ આવનાર છે જે હકીકત આધારે સચાણા રેલ્વે ફાટક પાસે વોચમાં હાજર હતાં દરમ્યાન રેલ્વે ફાટક બંધ હોય સરકારી વાહન દેખાય તે રીતે ઉભુ રાખેલ જે દરમ્યાન એક ગાડી આવતાં જેનો લાઇટથી નંબર જોતાં હકીકત વાળો નંબર જી.જે.૧૮ એ.બી. ૮૭૯૧ નો હોય સરકારી ગાડીથી પાછળથી કોર્ડન કરી સદર ગાડીનો દરવાજો ખોલાવવા જતાં સદર કાર ચાલક ભાગવા જતાં તેને જે તે જગ્યાએ પકડી તેનુ નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ બનેસંગ સદુભા સોલંકી રહે. ભોયણી તા.દેત્રોજનો હોવાનુ જણાવેલ સદરીને સાથે રાખી સરકારી વાહન તથા ટોર્ચ લાઇટના અજવાળે ગાડીમાં તપાસ કરતાં

(૧) મેકર્ડોવલ્સ નંબર-૧ રીઝર્વ વ્હીસ્કી ની ૧૨૦ નંગ બોટલ ની કિ.રૂ- ૪૮,૦૦૦ તથા (૨) રોયલસ્ટેગ ડીલક્ષ વ્હીસ્કી કુલ ૩૬ બોટલ કિ.રૂ- ૧૪,૪૦૦/-  તથા (૩)  રોયલસ્ટેગ ડીલક્ષ વ્હીસ્કી ૨૪૦ નંગ બોટલ કિ.રૂ- ૩૬૦૦૦/- ની તથા (૪) ક્રિમ પી પ્રિમીયર વ્હીસ્કી બોટલ  નંગ- ૪૭૭ કિ.રૂ- ૭૧,૫૫૦/- તથા (૫) કિંગફીસર સ્ટ્રોગ બીયર ૭૨ નંગ બીયર ના ટીન ની કિ.રૂ- ૧૦,૮૦૦/- તથા અરટીગા ગાડી નંબર જી.જે.૧૮ એ.બી. ૮૭૯૧ કિ.રૂ.૪,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ -  ૧  કિ.રૂ.૫૦૦/- મળી કુલ વિદેશી દારૂની બોટલો તથા બીયર ટીન મળી કુલ બોટલ નંગ – ૯૪૫ વિદેશીદારૂની કુલ કિ.રૂ. ૧,૮૦,૭૫૦/- તથા અરટીગા ગાડી ની કિ.રૂ.૪,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ કિ.રૂ. ૫,૮૧,૨૫૦/-  ના મુદામાલ સાથે ડ્રાઇવર બનેસંગ સદુભા સોલંકી રહે. ભોયણી તા.દેત્રોજ જી.અમદાવાદ વાળાને ઉપરોક્ત મુદામાલ સાથે પકડી પાડેલ હોય આરોપી વિરૂધ્ધમાં વિરમગામ રૂરલ પો.સ્ટે. પ્રોહિબીશન એક્ટ અન્વયે રજી. કરાવવામાં આવેલ છે. અને આ માલ કોને પહોંચાડવાનો હતો અને કોની પાસેથી લાવેલ છે  તે બાબતે આગળની વધુ તપાસ ચાલુ છે. ઉપરોક્ત આરોપી દેત્રોજ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૦૭/૨૦૧૭ પ્રોહી એક્ટ કલમ ૬૫ઇ, ૧૧૬(૧)બી, ૮૧ મુજબના ગુન્હામાં છેલ્લા છ માસથી નાસતો ફરતો હતો જેથી તેની જાણ દેત્રોજ પો.સ્ટે. કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| પકડાયેલ આરોપી :- | બનેસંગ સદુભા સોલંકી રહે. ભોયણી તા.દેત્રોજ જી.અમદાવાદ |
| પકડાયેલ મુદામાલ :- | (૧) મેકર્ડોવલ્સ નંબર-૧ રીઝર્વ વ્હીસ્કી ની ૧૨૦ નંગ બોટલ ની કિ.રૂ- ૪૮,૦૦૦<br>(૨) રોયલસ્ટેગ ડીલક્ષ વ્હીસ્કી કુલ ૩૬ બોટલ કિ.રૂ- ૧૪,૪૦૦/- (૩) રોયલસ્ટેગ ડીલક્ષ વ્હીસ્કી ૨૪૦ નંગ બોટલ કિ.રૂ- ૩૬૦૦૦/- ની<br>(૪) ક્રિમ પી પ્રિમીયર વ્હીસ્કી બોટલ  નંગ- ૪૭૭ કિ.રૂ- ૭૧,૫૫૦/- (૫) કિંગફીસર સ્ટ્રોગ બીયર ૭૨ નંગ બીયર ના ટીન ની કિ.રૂ- ૧૦,૮૦૦/-<br>અરટીગા ગાડી નંબર જી.જે.૧૮ એ.બી. ૮૭૯૧ કિ.રૂ.૪,૦૦,૦૦૦/- મોબાઇલ ફોન નંગ -  ૧  કિ.રૂ.૫૦૦/- |

## પ્રેસનોટ- ૨

**કણભા પો.સ્ટે. ના બાકરોલ કુંજાડ ચાર રસ્તા પાસેથી દેશી દારૂના જથ્થા સાથે એક સી.એન.જી. રીક્ષા સાથે એક આરોપીને ઝડપી પાડતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય**

આગામી વિધાનસભાની ચુંટણી અન્વયે જીલ્લામાં ચુંટણી શાંતીપુર્ણ અને નિષ્પક્ષ રીતે યોજાય તે સબંધે જીલ્લામાં દેશી તથા વિદેશી દારૂની પ્રવૃતી નેસ્ત નાબુદ થાય તે અંગે કડક હાથે કામગીરી કરવા અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ એસ.ઓ.જી. શાખાના પો.ઇન્સ. શ્રી ડી.ડી.સોઢા તથા પો.સ.ઇ. શ્રી વી.એમ.કોલાદરા તથા એન.એ.રાયમા નાઓને સુચના તથા માર્ગદર્શન આપેલ જે આધારે એસ.ઓ.જી. શાખાના પોલીસ કર્મચારીઓ કણભા પો.સ્ટે. વિસ્તારમાં એસ.ઓ.જી. લગત કામગીરી માં હતાં દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે, એક સી.એન.જી. રીક્ષા નંબર જી.જે.૨૭.યુ.૮૯૧ માં દેશીદારૂ ભરી ઓઢવ અમદાવાદ શહેર તરફ જનાર છે જે હકીકત આધારે બાકરોલ કુંજાડ ચાર રસ્તા પાસે વોચમાં હાજર હતાં તે દરમ્યાન એક સી.એન.જી. રીક્ષા આવતાં જેનો નંબર જોતાં હકીકત વાળો નંબર જી.જે.૨૭.યુ.૮૯૧ નો હોય જેને રોકી સદર રીક્ષા ને ઉભી રાખાવતા રીક્ષા ચાલક ભાગવા જતાં તેને જે તે જગ્યાએ પકડી તેનુ નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ અલ્લારખા ઇસ્માઇલભાઇ શેખ રહે- મ.નં-૧૭૪/બી જનતાનગર રામોલ જસનગર ની સામે અમદાવાદ નો હોવાનુ જણાવેલ સદરીને સાથે રાખી સી.એન.જી રીક્ષામાં તપાસ કરતાં દેશી દારૂ ભરેલ પ્લાસ્ટીકના ચાર કોથળા તથા બે મોટા વીમલ ના થેલા હતા જે થેલા તથા પ્લાસ્ટીકના કોથળા ખોલી અંદર તપાસ કરતા દેશી દારૂ ની દોઢ લીટર ની કુલ -૯૪ કોથળીઓ મળી આવેલ જે દેશીદારૂ લીટર – ૧૪૧ કિ.રૂ- ૨,૮૨૦/- તથા સી.એન.જી.રીક્ષા ની કિ.રૂ- ૮૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૮૨,૮૨૦/- ના મુદામાલ સાથે ડ્રાઇવર અલ્લારખા ઇસ્માઇલભાઇ શેખ રહે-- મ.નં-૧૭૪/બી જનતાનગર રામોલ જસનગર ની સામે અમદાવાદ વાળાને ઉપરોક્ત મુદામાલ સાથે પકડી પાડેલ હોય અને આ માલ સદર આરોપી રમણભાઇ જેશંગભાઇ ડાભી રહે- કાકરખાણા તા- કઠલાલ જી- ખેડા ખાતેથી લાવેલાનુ જણાવે છે. અને સદર દેશીદારૂ ની ડીલેવરી અમદાવાદ શહેર ખાતે રહેતી નીતુબેન ઉર્ફે ભાભી ચુનારા રહે- ભવાનીમાં નો ટેકરા ઓઢવ અમદાવાદ વાળી ને પહોંચાડવાનો હતો. જે બાબતે આરોપીઓ વિરૂધ્ધમાં કણભા પો.સ્ટે. પ્રોહિબીશન એક્ટ અન્વયે ગુનો રજી. કરાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| પકડાયેલ આરોપી :- | અલ્લારખા ઇસ્માઇલભાઇ શેખ રહે-- મ.નં-૧૭૪/બી જનતાનગર રામોલ જસનગર ની સામે અમદાવાદ |
| પકડાયેલ મુદામાલ :- | (૧) દેશીદારૂ લીટર- ૧૪૧ કિ.રૂ- ૨,૮૨૦/-<br>(૨) સી.એન.જી. રીક્ષા નંબર જી.જે.૨૭.યુ.૮૯૧ કિ.રૂ.- ૮૦,૦૦૦/- |

## પ્રેસનોટ- ૩

**રૂ .૧,૩૧,૫૦૦/- નો ઇંગ્લીશ દારૂ નો જથ્થો પકડી પાડતી વિરમગામ રૂરલ પોલીસ**

આજરોજ અમદાવાદ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબ નાઓ ની સુચનાથી તથા નાયબ પોલીસ અધિક્ષક વિરમગામ વિભાગ શ્રી વી.કે.નાયી સાહેબના માર્ગદર્શન મુજબ આગામી વિધાનસભા ચુંટણી દરમ્યાન દારૂ જુગારની બદી સંપુર્ણપણે નેસ્તનાબુદ કરવા માટે સુચના આપેલ જે સુચના અને માર્ગદર્શન હેઠળ અમો કે.એન.ભુકણ પો.સ.ઇ તથા અ.હે.કો નરેશભાઇ તથા આ.પો.કો રાજેશકુમાર તથા અ.પો.કો જયદિપસિહ તથા પો.કો ચેહરભાઇ એ રીતેના સ્ટાફ સાથે હાંસલપુર ચોકડી પર વાહન ચેકીંગમાં હતા દરમ્યાન સાણંદ તરફથી આવતી તુફાન ગાડી નં GJ-3-z-9252 રોકી તુફાન ગાડી ચેક કરતા પર પ્રાતીંય ભારતીય બનાવટનો વિદેશીદારૂ ગોવા સ્પીરીટ એન્ડ સ્મુથનેસ વ્હીસ્કી ના માર્કા વાળી કંપની સીલ બંધ બોટલ ૭૫૦ મીલી નંગ – ૧૮૫ કી.રૂ.૫૫૫૦૦/- તથા ૧૮૦ મીલી ની કંપની સીલબંધ બોટલ નંગ- ૭૬૦ કી.રૂ.૭૬૦૦૦/- મળી કૂલ બોટલ નંગ ૯૪૫ કૂલ કી.રૂ.૧,૩૧,૫૦૦/- તથા ફોર્સ કંપનીની

તુફાન ગાડી નંબર GJ-3-Z-9252 ની કી.રૂ. ૩,૦૦,૦૦૦/- ની મળી કુલ મુદ્દામાલ કી.રૂ ૪,૩૧,૫૦૦/- સાથે આરોપી (૧) દિનેશભાઇ પારસીંગભાઇ ઉર્ફે પારીયાભાઇ ડામોર રહે- પાનમ તા.ધાનપુર જી.દાહોદ (૨) ગુલાબભાઇ સંતાભાઇ મોહનીયા રહે-દુધામણી તા.ધાનપુર જી.દાહોદ (૩) પ્રવિણભાઇ કાળુભાઇ નીનામા રહે- પીપોદરા તા.ધાનપુર જી.દાહોદ વાળાઓને પકડી પાડી પ્રોહી એક્ટ હેઠળ ગુનો રજી કરી ધોરણસર કાર્યવાહી કરેલ છે






## પ્રેસનોટ- ૪

**પંજાબથી ગુજરાતમાં લવાતો વિદેશીદારૂનો જથ્થો ઝડપી પાડતી અમદાવાદ રેન્જ આર.આર.સેલ, એલ.સી.બી., અ.રૂા. તથા અસલાલી પોલીસની ટીમ**

શ્રી એ.કે.જાડેજા, પોલીસ મહાનીરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદનાઓએ આગામી સમયમાં યોજાનાર વિધાનસભા ચૂંટણી અન્વયે અમદાવાદ રેન્જ વિસ્તારમાં ભાંગફોડીયા પ્રવૃત્તિઓ અટકાવવા તેમજ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે સારૂ પ્રોહિબીશનની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી રાજસ્થાન-હરીયાણા-પંજાબ રાજ્યો તરફથી ગુજરાત રાજ્યમાં આવતા પરપ્રાંતિય વિદેશીદારૂને અટકાવવા માટે રોડ રસ્તે સઘન વોચ રાખી વિદેશીદારૂના હેરાફેરી કરતા વાહનો પકડી પાડવા અંગે આપેલ સુચના અને માર્ગદર્શન આધારે પો.સ.ઇ.શ્રી બી.એસ.રાઠોડના સંકલન હેઠળ

આર.આર.સેલની ટીમ દ્વારા સક્રિય નામચીન રીઢા બુટલેગરો દ્વારા વિદેશીદારૂ ગે.કા. રીતે ઘુસાડવા માટે ક્યા ક્યા રોડનો ઉપયોગ કરવામાં આવે તે મુજબની અ.હે.કો. હરીશચંદ્રસિંહ પ્રભાતસિંહનાઓએ ચોક્કસ પણે બાતમી હકિકત મેળવેલ. પરંતુ વધુ પોલીસની જરૂરીયાત હોવાથી એલ.સી.બી. અમદાવાદ રૂરલના પો.કો. આઇ.એમ.ઝાલા તથા અસલાલી પોલીસ સ્ટેશના પો.સ.ઇ કે.એસ.પટેલનાઓને સાથે રાખી સેલના પો.સ.ઇ.શ્રી રાઠોડ તથા એ.એસ.આઇ. હીતેન્દ્રકુમાર જીવણલાલ, એ.એસ.આઇ. અજીતસિંહ મનુભા તથા પો.કો. મહેન્દ્રસિંહ હરીસિંહ તથા પો.કો. યોગરાજસિંહ નાગભાનાઓ સાથે એલ.સી.બી તથા અસલાલી પોલીસની ટીમ તા.૨૫/૧૧/૧૭ના રોજ સરદાર પટેલ રીંગરોડ ઉપર બાકરોલ સર્કલ પાસે તથા આજુબાજુ પસાર થતા રસ્તાઓ ઉપર નાકાબંધી વોચ રાખી ગોઠવાયેલા દરમ્યાન બાતમીવાળી ટ્રક આવતા ઝડપી પાડેલ છે અને અસલાલી પો.સ્ટે. ગુનો નોંધાવી આગળની વધુ તપાસ પો.સ.ઇ. શ્રી બી.એસ.રાઠોડનાઓ ચલાવી રહેલ છે.

## <u>મુદ્દામાલઃ-</u>

(૧) વિદેશીદારૂની સીલબંધ ૭૫૦/૧૮૦ મીલીની કુલ બોટલ નંગ-૧૭૩૧૬, કિં.રૂા. ૩૬,૪૪,૪૦૦

(૨) બિયરની ટીન કુલ નંગ-૨૪૦૦/- કિ.રૂા. ૨,૪૦,૦૦૦/-

(૩) ટ્રક નં.પીબી.૦૫.વી.૯૮૨૬ કિં.રૂા.૧૦,૦૦,૦૦૦/-

(૪) આરોપીની અંગઝડતી માંથી મળી આવેલ મોબાઇલ નંગ-૩ કિં.રૂા.૮૦૦૦/-

**<u>કુલ મુદ્દામાલ કિં.રૂા./- ૪૮,૯૨,૪૦૦/-</u>**

આરોપીઃ- (૧) સુખબીરસીંગ સમશેરસીંગ જાટ, રહે. ભરાઇવાલ, હકીમનગેટ સર્કલ પાસે, અમૃતસર, પંજાબ

(૧) કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર



*આમ અમદાવાદ જીલ્લા પોલીસ તથા આર.આર.સેલ અમદાવાદ રેન્જ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.*

*(આર.વી.અસારી)*
*પોલીસ અધિક્ષક*
*અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ*